# ધોરણ 4 ગૃહકાર્ય

નમસ્કાર શિક્ષક મિત્રો તેમજ બાળ દોસ્તો આ વેકેશન માં સમય નો સદ્દુપયોગ માટે અમે – શિક્ષક  સાગર એપ ટીમ – આપના માટે ઘણી બધી  તૈયારી કરી રહ્યા છીએ અમે આપના માટે પઝલ્સ,  વાર્તાંમ જીલ્લા પરિચય વ્યક્તિ વિશેષ પરિચય, બાળગીત પોથી, અક્ષર સુધારણા અભિયાન, તેમજ અવનવી પ્રવૃતિઓ આપ્નામાતે લાવી રહ્યા છીએ તો આવી તમામ પ્રવૃતિઓ મેળવવા માટે અમારા વોટ્સેપ  ગ્રુપ્મજોઇન થવા માટે અહી ક્લિક કરો

**અહી ક્લિક કરો**

# ધોરણ – 4 ગૃહકાર્ય

સુજ્ઞ વાલીશ્રી,

આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણું સંતાન સારું જીવન જીવે. સંતાનોના શિક્ષણમાં સહભાગી બની તેના સર્વાંગી વિકાસ માટે તેને મદદ કરીએ. આગામી વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ ચાલતું રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...

## અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- દરરોજ સવારે માતા–પિતા અને વડીલોને વંદન કરવું તેમજ પક્ષીઓને ચણ નાખવું.
- દરરોજ રેતીમાં એક ચિત્ર દોરવું અને માતા-પિતાને બતાવવું.
- ખોરાકમાં વપરાતી ઘરવપરાશની કોઈપણ ૩૦ ચીજવસ્તુઓના ભાવ જાણી તેનું ભાવપત્રક લખવું.
- દરરોજ જમતાં પહેલાં ગાય કે કૂતરાને રોટલો કે રોટલી ખવડાવી તેની ખાવાની રીતનું અવલોકન કરવું.
- તમારી આજુબાજુના મકાનોમાં જોવા મળતી ઈંટોની કોઈપણ ચાર પેટર્ન દોરો.
- ૧ થી ૨૦ના ઘડિયા સીધા, આડા અને ઊંધા એક–એક વખત લખવા.
- દરરોજ સરવાળા,બાદબાકી અને ગુણાકારના બે-બે દાખલા ગણવા.
- એકડી ૩૦૦૧ થી ૩૨૫૦ સુધી (અંકોમાં-શબ્દોમાં) લખવી.
- પૂંઠામાંથી ૧૨ અને ૨૪ કલાકનો સમય દર્શાવતી ઘડિયાળ બનાવો અને તેમાં સમયની રમત રમો.
- ૭, ૩, ૧, અને ૪ આ અંકોની મદદથી ચાર અંકની ચોવીસ સંખ્યાઓ બનાવી શબ્દોમાં લખો.
- દરરોજ ગુજરાતી કે પર્યાવરણના એક પાઠનું વાચન કરવું અને દરરોજ એક ફકરો સુંદર અક્ષરે લખવો.

વર્ષ 2024-25

shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

- તમારા કુટુંબના સભ્યો અને બધાં સગા સંબંધીઓનાં નામ અને તેઓ સાથે તમારે શું સંબંધ થાય તે લખો.
- હિન્દી કક્કો અને હિન્દી ગિનતી ૧ થી ૨૦ સુધી લખવા.
- બેસતા વર્ષના દિવસની તમારી દિનચર્યા લખવી.
- બંને એબીસીડી અને અંગ્રેજી કક્કો બે-બે વખત લખો.
- નિબંધ લખો:- (૧) લીમડો, (૨) મારું ગામ
- પહેલી અને બીજી એબીસીડીના મૂળાક્ષરના કાર્ડ બનાવી તેની જોડી બનાવવાની રમત રમો.
- ગુજરાતી મહિનાનાં નામ લખી એ મહિનામાં આવતાં ફળો અને શાકભાજીનાં નામ લખો.
- તમારો અને તમારા મિત્રનો પરિચય લખો.
- કાગળમાંથી કોઈપણ પાંચ વસ્તુઓ બનાવો.
- તમને ગમતી કોઈ એક વાર્તા લખો.
- એક પક્ષી અને એક પ્રાણીનું ચિત્ર દોરી રંગ પૂરો.
- કોઈપણ વર્ષનું કેલેન્ડર લઈ તેમાં આવતા તહેવારોની તારીખ (અંકોમાં અને શબ્દોમાં) અને વાર લખવા.
- એક દોરી લઈ માપપટ્ટીની મદદથી તેની મીટરપટ્ટી બનાવો. તેના વડે કોઈપણ દસ વસ્તુની લંબાઈ માપો.
- કોઈ ખેડૂતની મુલાકાત લઈ ખેતીમાં વપરાતાં કોઈપણ પાંચ ઓજારોનાં નામ અને ઉપયોગ વિશે લખો.
- માટીમાંથી સાપસીડી રમવાનો પાસો અને એક પ્રાણીનું રમકડું બનાવવું.
- વેકેશન દરમિયાન ઘરના આંગણે કે ખેતરમાં એક વૃક્ષ વાવવું અને તેનો ઉછેર કરવો.
- તમને ગમતા વૃક્ષના પાંચથી દસ ઉપયોગો લખવા.



shikshansagar.com શિક્ષણ સાગર The King of Education